**ક્યાં કોતરો ધોવાયા, તો ક્યાંક રોડ પર પાણી ફરી વળ્યા.... લાંબા વિરામ બાદ વરસાદ વરસતા આહલાદક ઠંડક પ્રસરી**

# બોડેલી-શિનોર પંથકમાં મેઘરાજા વરસી પડ્યા

## બોડેલીના ચલામલી-વડાતળાવ રોડ પર વરસાદી પાણી ભરાતા વાહન વ્યવહાર ખોરવાયો

**આગામી** બે-ત્રણ દિવસ વરસાદી માહોલ રહેવાની આગાહી



(પ્રતિનિધી) બોડેલી, તા.13

બોડેલી સહિત છોટાઉદેપુર જિલ્લામાં છેલ્લા બે દિવસ થી સતત વરસાદ વરસી રહ્યો છે વરસાદી માહોલ વચ્ચે ચલામલી નજીક આવેલા વડા તળાવ રોડ પર વરસાદી પાણી ભરાઈ જવાનો બનાવ સામે આવ્યો છે. વરસાદી પાણી રોડ પર ભરાઈ જતાં વાહન વ્યવહારને સીધી અસર પહોંચી હતી. રસ્તા પર પાણી ભરાવાની સ્થિતિ ગંભીર બનતા થોડા સમય માટે વાહન વ્યવહાર બંધ કરવાની ફરજ પણ પડી હતી. જેના કારણે આ માર્ગ પરથી પસાર થતા વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. હવામાન વિભાગ દ્વારા આગામી દિવસોમાં પણ વરસાદની આગાહી કરવામાં આવી છે ત્યારે નીચાણવાળા માર્ગો અને વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિને લઈને તંત્ર દ્વારા જરૂરી તકેદારી રાખવામાં આવે તેવી માંગ ઉઠી છે.

બોડેલી ના કોસીન્દ્રા-ભાખા રોડ પર વરસાદી પાણી ફરી વળ્યાં ઉટકોઈ ગામે રસ્તા પર નદી જેવા દશ્યો, વાહન વ્યવહાર પ્રભાવિત છોટાઉદેપુર જિલ્લાના બોડેલી પંથકમાં ગઈ કાલે રાત્રેથી વરસાદી માહોલ સર્જાયો છે જયારે આજે પણ ભારે વરસાદને પગલે કોસીન્દ્રા-ભાખા રોડ પર ઉટકોઈ ગામ નજીક વરસાદી પાણી ફરી વળ્યાં હતાં. જયારે વરસાદ ને લઈ ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો છે ત્યારે બીજી તરફ ધોધમાર વરસાદના કારણે રસ્તા પર નદીની જેમ પાણી વહેતા વાહન વ્યવહારને અસર પહોંચી હતી. મુખ્ય માર્ગ પર પાણી ભરાઈ જતાં વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. જ્યારે મુખ્ય રોડ પર થી પાણી પસાર થતું હતું ત્યારે ભેંસો ઘાશ ચારવા અર્થે પસાર થતી હતી ત્યારે પાણીમાં ખેંચાઈ જતા પણ બચી હતી રસ્તા પર પાણીના ધસમસતા પ્રવાહના પગલે સ્થાનિકોમાં પણ ચિંતા જોવા મળી હતી.

## લાંબા વિરામ પછી વરસાદ વરસતા ખેતીપાકને જીવતદાન

### શિનોર પંથકમાં ધીમીધારે વરસાદ વરસતા ખેડૂતોમાં આનંદ



શિનોર : વડોદરા જિલ્લાના શિનોર પંથકમાં અલનીનોની અસર વચ્ચે લાંબા વિરામ બાદ મેઘરાજાએ ફરી મહેર કરતાં ખેડૂતોમાં આનંદની લાગણી ફેલાઈ છે. છેલ્લા 24 કલાક દરમિયાન પંથકમાં અંદાજે બે ઇંચ જેટલો વરસાદ વરસતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. વાદળછાયા વાતાવરણ અને વરસાદના કારણે સમગ્ર શિનોર પંથકમાં જાણે હિલ સ્ટેશન જેવો માહોલ સર્જાયો છે. ચાલુ ચોમાસાની સિઝનમાં વરસાદનો લાંબો વિરામ પડતાં ખેડૂતોની ચિંતા વધી હતી. ખાસ કરીને દિવેલા, કપાસ સહિતના ઊભા પાકને પાણીની જરૂરિયાત ઊભી થતાં પાકને બચાવવા માટે અનેક ખેડૂતોએ કૂવા અને ટ્યુબવેલ મારફતે પિયત આપવાનું શરૂ કર્યું હતું. વરસાદ વધુ સમય સુધી ખેંચાય તો પાકના ઉત્પાદન ઉપર અસર થવાની ભીતિ પણ ખેડૂતોને સતાવી રહી હતી. દરમિયાન લાંબા વિરામ બાદ વરસાદનું આગમન થતાં ઊભા પાકને મોટી રાહત મળી છે. કુદરતી વરસાદ મળતાં ખેડૂતોને કૂવા અને ટ્યુબવેલ મારફતે પિયત કરવાની મહેનત તથા ખર્ચમાં પણ રાહત થવાની આશા છે.

---

**ડભોઇ નગરપાલિકાની નિષ્કાળજીથી લોકોને પરેશાની**

# ડ્રેનેજના દૂષિત ઉભરાતા લારી ગલ્લા ધારકોને ભારે અગવડ વેઠવાનો વારો

નાગરિકોએ ફરિયાદ કરતા જણાવાયુ હતુ કે મશીન બગડી ગયેલુ છે



(પ્રતિનિધી) ડભોઇ, તા.13

વડોદરા જિલ્લાના ડભોઈ ડેપો વિસ્તારમાં લારી ગલ્લા વાળા ઓને વરસાદી પાણી ના નિકાલ ના સ્લેબ ઉપર લારીઓ ગોઠવી નગરપાલિકા ધ્વારા તગડું ભાડું પ્રતિ માહ ઉઘરાવવામા આવે છે હાલ મોડે મોડે મેઘ મહેર જોવા મળી છે જયાં ડ્રેનેજ અને વરસાદી પાણીના નિકાલની જાળવણીના અભાવે વરસાદી પાણીનો જમાવડો થતાં વેપારીઓ ને ભારે હાલાકી ભોગવવી પડે છે ડેપો સામે લારી ઓ મા મોટેભાગે ખાણીપીણી ની લારીઓ હોવાને લઈ લારી ઓ ના માલિકો અને ગ્રાહકો ને ભારે અગવડ પડી રહી છે

ડભોઇ નગરપાલિકા ની ડ્રેનેજ શાખા મા સદર પાણી ની ફરિયાદ કરાતા મશીન બગડેલ હોવાની માહિતી મળી છે ડભોઇ નગરપાલિકા ના કમાઉ દિકરા સમાન આ લારી વાળા ને સગવડ આપવાને બદલે અગવડ આપી નગરપાલિકા ની સતા પોતાની સામે વિરોધ વંટોળ ઉભો કરાવી રહી હોવાની વિગતો બહાર આવી છે કહે છે નગરપાલિકાની કોગ્રેસની જુથબંધી બોર્ડ તોડાવી નાખે તો નવાઈ નહીં !!

# પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ લીમખેડા તાલુકા નવીન કારોબારી ટીમની રચના



(પ્રતિનિધી) લીમખેડા, તા.13

BRC ભવન લીમખેડા ખાતે અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દાહોદ જિલ્લાના માર્ગદર્શન હેઠળ અને પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ લીમખેડા તાલુકા આયોજિત વાર્ષિક સાધારણ સભા અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દાહોદ જિલ્લાના અધ્યક્ષ દેશીંગભાઈ તડવી ની અધ્યક્ષતામાં યોજાઈ હતી. પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ લીમખેડા તાલુકાની વાર્ષિક સાધારણ સભામાં વર્તમના તાલુકા કારોબારી ટીમને ત્રણ વર્ષ પૂર્ણ થતા ટીમને બરખાસ્ત કરીને નવીન કારોબારી ટીમની ઘોષણા જિલ્લા સંગઠનમંત્રી કિશનભાઈ કોળી દ્વારા કરવામાં આવી હતી. તાલુકા અધ્યક્ષ તરીકે દીપસિંગભાઈ પટેલ, મહામંત્રી હિમાંશુભાઇ પટેલ, સંગઠનમંત્રી ફતેસિંહ બારીઆ, સિનિયર ઉપાધ્યક્ષ સોમસિંહ કટારા, કોષાધ્યક્ષ અશોકભાઈ વર્મા, મહિલા ઉપાધ્યક્ષ- કૃતિબેન માંજરવાલા સહિત 23 જેટલા મહત્વના હોદ્દેદારોની નિયુક્તિ કરવામાં આવી. સાથે રાજ્ય કારોબારી સભ્ય તરીકે મેહુલભાઈ પી ડાંગી અને મહેશભાઈ જે પટેલની વરણી કરવામાં આવી.

**DYSP આકાશ પટેલના માર્ગદર્શન હેઠળ સૂચનો કરાયા**

# સાધલી ખાતે ગણેશ ઉત્સવને લઈ શાંતિ સમિતિની બેઠક યોજાઈ

તહેવારોમાં ઉત્સાહની સાથે કાયદો વ્યવસ્થા પણ જરૂરી



(પ્રતિનિધી) શિનોર, તા.13

DYSP આકાશ પટેલના માર્ગદર્શન હેઠળ શિનોર પોલીસ દ્વારા યોજાયેલી બેઠકમાં ગણેશ મંડળોના આયોજકોને શાંતિપૂર્ણ ઉજવણી માટે જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.

શિનોર તાલુકાના સાધલી ખાતે ગણેશ ઉત્સવને લઈ શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી. DYSP આકાશ પટેલના માર્ગદર્શન હેઠળ શિનોર પોલીસ સ્ટેશન દ્વારા યોજાયેલી બેઠકમાં સ્થાનિક આગેવાનો અને ગણેશ મંડળોના આયોજકો ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન ગણેશ ઉત્સવ શાંતિપૂર્ણ અને સુમેળભર્યા વાતાવરણમાં ઉજવાય તે માટે પોલીસ દ્વારા જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ખાસ કરીને ડીજે અને લાઉડ સ્પીકરનો મોટા અવાજે ઉપયોગ નહીં કરવા તેમજ ધ્વનિ પ્રદૂષણને લગતા નિયમોનું પાલન કરવા આયોજકોને સૂચના આપવામાં આવી હતી. ઉપરાંત ગણેશ સ્થાપના, કાર્યક્રમો અને વિસર્જન દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસને સહયોગ આપવા અપીલ કરવામાં આવી હતી. બેઠક બાદ પોલીસ દ્વારા સાધલી ખાતે ફ્લેગ માર્ચ પણ યોજવામાં આવી હતી.

---

**ઝાલોદ પોલીસે ટ્રકમાંથી 1,824 બોટલ વિદેશી દારૂ સાથે ચાલકને ઝડપી પાડ્યો**

# ઝાલોદની ધાવડીયા ચેકપોસ્ટ પરથી રૂ.18.35 લાખનો મુદ્દામાલ ઝડપાયો



(પ્રતિનિધી) ઝાલોદ, તા.13

ઝાલોદ તાલુકાની ધાવડીયા ચેકપોસ્ટ પર ઝાલોદ પોલીસ દ્વારા વાહન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. દરમિયાન રાજસ્થાનના બાંસવાડા તરફથી આવતી ભારત બેન્ઝ ટ્રક નં. GJ-08-Y-6662ને અટકાવી તપાસ કરવામાં આવી હતી.

ટ્રકની તપાસ દરમિયાન ભારતીય બનાવટના વિદેશી દારૂની કુલ 1,824 કાચની બોટલો મળી આવી હતી, જેની કિંમત રૂ.8,34,924 હોવાનું પોલીસે જણાવ્યું હતું. પોલીસે દારૂના જથ્થા ઉપરાંત ટ્રકની કિંમત રૂ.10 લાખ, મોબાઈલ ફોન રૂ.1,000 તથા અન્ય મુદ્દામાલ મળી કુલ રૂ.18,35,924નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ કાર્યવાહી દરમિયાન પોલીસે ટ્રક ચાલક માંગીલાલ રઘુનાથરામ બિશ્નોઈ (ઉંમર 56), રહે. મેઢા, તા. સાંચોર, રાજસ્થાનને ઝડપી પાડ્યો હતો.

જ્યારે આ ગુનામાં સંડોવાયેલા ભવરલાલ ભાંખરારામ બિશ્નોઈ, રહે. પુર રાજીવનગર, તા. સાંચોર, જિ. ઝાલોર, રાજસ્થાનને પોલીસે ફરાર જાહેર કરી તેની શોધખોળ હાથ ધરી છે. ઝાલોદ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર આર.જે. ગામીતની આગેવાની હેઠળ પોલીસ ટીમે ધાવડીયા ચેકપોસ્ટ પર હાથ ધરેલા વાહન ચેકિંગ દરમિયાન આ કાર્યવાહી કરી હતી. સમગ્ર મામલે ગુનો નોંધી પોલીસે વધુ કાયદેસરની તપાસ હાથ ધરી છે.

**બંને સાપ 60થી 65 ફૂટ ઊંડા પાણી ભરેલા કુવામાં ફસાયા હતા**

# રવાલિયામાં દોઢ દિવસની ભારે જહેમત બાદ કુવામાંથી અજગર અને કોબરાનું રેસ્ક્યુ

વન્યજીવોનું સફળ રેસ્ક્યુ થતાં સ્થાનિકોમાં પણ રાહતની લાગણી




(પ્રતિનિધી) હાલોલ, તા.13

હાલોલ તાલુકાના રવાલીયા નવાડ ફળિયામાં અલસિંગસિંહ ખુમાણ રાઠવાના ઘરની પાછળ આવેલા અંદાજે 60થી 65 ફૂટ ઊંડા અને પાણી ભરેલા કુવામાં અજગર હોવાની જાણ થતાં હાલોલ વન વિભાગની ટીમે રેસ્ક્યુ કામગીરી હાથ ધરી હતી. અંદાજે પાંચથી છ ફૂટ લાંબા અજગરને બહાર કાઢવા માટે શરૂ કરાયેલી કામગીરી દરમિયાન કુવામાંથી એક કોબરા સાપ પણ મળી આવ્યો હતો.કુવાની ઊંડાઈ તેમજ પાણી ભરાયેલું હોવાથી બંને સાપને બહાર કાઢવાની કામગીરી પડકારરૂપ બની હતી. વન વિભાગની ટીમે સતત આશરે દોઢ દિવસ સુધી ભારે જહેમત ઉઠાવી અને સાવચેતીપૂર્વક કામગીરી હાથ ધરી અંતે એક અજગર અને એક કોબરાનું સફળતાપૂર્વક રેસ્ક્યુ કર્યું હતું.આ સમગ્ર રેસ્ક્યુ કામગીરી આર.એફ.ઓ. ચંદ્રીકાબેન ચૌધરીના માર્ગદર્શન હેઠળ હાથ ધરવામાં આવી હતી. રેસ્ક્યુ કરાયેલા બંને સાપને ધોબીકુવા રેસ્ક્યુ સેન્ટર ખાતે લઈ જવાયા હતા, જ્યાં ડોક્ટર દ્વારા તેમની આરોગ્ય તપાસ કરવામાં આવી હતી.તપાસમાં બંને સાપ સ્વસ્થ જણાતા બાદમાં તેમને તેમના કુદરતી રહેઠાણમાં સુરક્ષિત રીતે મુક્ત કરવામાં આવ્યા હતા. વન વિભાગની ટીમની દોઢ દિવસની જહેમત બાદ બંને વન્યજીવોનું સફળ રેસ્ક્યુ થતાં સ્થાનિકોમાં પણ રાહતની લાગણી જોવા મળી હતી.

**મોટી સંખ્યામાં હરિભક્તો કુકસ ગામે ઉમટ્યા**

# કુકસમાં સંત શ્રી નાયાજી મહારાજના મંદિરે ભાદરબીજનો મેળો યોજાયો



(પ્રતિનિધી) શિનોર, તા.13

વડોદરા જિલ્લાના શિનોર તાલુકાના કુકસ ગામે આવેલા સંત શ્રી નાયાજી મહારાજના મંદિર ખાતે ભાદરવા સુદ બીજ અને ત્રીજ નિમિત્તે બે દિવસીય ભવ્ય ભાદરબીજ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. સંત શ્રી નાયાજી મહારાજના જન્મદિવસ તેમજ મંદિરના પ્રથમ વાર્ષિક મહોત્સવ નિમિત્તે મંદિર પરિસરમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. મહોત્સવ અંતર્ગત 56 ભોગનો થાળ, પારણાંનો કાર્યક્રમ તેમજ ત્રણ દિવસ સુધી મહાપૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું. એકમ, બીજ અને ત્રીજ એમ ત્રણ દિવસ સુધી ભાવિક ભક્તો માટે અન્નક્ષેત્ર અને ભંડારાની વ્યવસ્થા કરવામાં આવી હતી. મંદિર ખાતે યોજાયેલા ધાર્મિક કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં ભક્તોએ દર્શન અને પ્રસાદનો લાભ લીધો હતો.

---

**મહિનાઓથી ભૂલ સુધારવા કોઈ કાર્યવાહી નહીં - નાગરિકોમાં ચર્ચા**

# સંખેડા પોલીસ સ્ટેશનના મુખ્ય ગેટ પર જ જિલ્લાના નામમાં છબરડો, 'છોટાઉદેપુર'ને બદલે 'છોડા ઉદેપુર' લખ્યું

અહી બોર્ડ પર નામમાં છબરડો છે તે પણ ધ્યાનમાં હોય અને સુધારો ન કરાતો હોય નગરની સુરક્ષામાં કેટલી તકેદારી રખાતી હશે ? નાગરિકોમાં ચર્ચાઓનો દોર જામ્યો




(પ્રતિનિધી) સંખેડા, તા.13

સંખેડા પોલીસ સ્ટેશનના એન્ટ્રી ગેટ ઉપર લગાવવામાં આવેલા બોર્ડમાં જિલ્લાના નામમાં ગંભીર છબરડો સામે આવ્યો છે. જિલ્લાનું સાચું નામ છોટાઉદેપુર છે, જ્યારે બોર્ડ પર એજન્સી દ્વારા 'છોડા ઉદેપુર' લખી દેવામાં આવ્યું છે.

પ્રાપ્ત માહિતી મુજબ આ બોર્ડ છેલ્લા ઘણા સમયથી આ જ ભૂલ સાથે લગાવેલું છે. સરકારી કચેરી, તે પણ પોલીસ સ્ટેશન જેવી મહત્વની જગ્યાએ જિલ્લાના નામમાં આવી મોટી ભૂલ હોવા છતાં તેને સુધારવા માટે આજદિન સુધી કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. પોલીસ સ્ટેશન ખાતે રોજબરોજ અનેક અરજદારો, વકીલો અને નાગરિકોની અવર-જવર રહેતી હોય છે, અહી બોર્ડ પર નામમાં છબરડો છે તે પણ ધ્યાનમાં હોય અને સુધારો ન કરાતો હોય નગરની સુરક્ષામાં કેટલી તકેદારી રખાતી હશે ? નાગરિકોમાં ચર્ચાઓનો દોર જામ્યો ત્યારે મુખ્ય ગેટ પર જ આવી જોડણીની ભૂલને કારણે તંત્રની બેદરકારી છતી થાય છે. સ્થાનિક નાગરિકોમાં પણ આ ભૂલને લઈને ભારે ચર્ચા જોવા મળી રહી છે અને તાત્કાલિક આ છબરડો સુધારવામાં આવે તેવી માંગ ઉઠી છે.કાયદો અને વ્યવસ્થા જાળવનારી પોલીસ પ્રશાસન આટલી મોટી બેદરકારી કેવી રીતે ચલાવી લે ? નાગરિકોમાં તેવી ચર્ચાઓ ચાલી રહી છે.

## દાહોદ જિલ્લામાં તેજસ્વી વિદ્યાર્થીઓ, કર્મીઓનું સન્માન

દાહોદ : દાહોદ જિલ્લા અનુસૂચિત જાતિ કેળવણી મંડળ દ્વારા ત્રીજો તેજસ્વી તારલાનો સન્માન સમારોહ ગોપાલભાઈ ધાનકા શૈક્ષણિક સંકુલ નગરાળા ખાતે યોજાયો હતો. અનુસૂચિત જાતિ સમાજના વિકાસ માટે પોતાની ગ્રાન્ટ માંથી એક કરોડ ફાળવવાની જાહેરાત કરી હતી. આ સમારોહમાં ધોરણ 10 ના 50,ધોરણ 12 ના 47 અને કોલેજના 23 મળી 130 તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરાયું હતું. ધોરણ 10 માં કૌશિક નગીનભાઈ સોલંકી 94.16 ટકા ,CBSC ક્રિશા પ્રજ્ઞેશ કપાસીયા 84.20 ટકા,ધોરણ 10 માં સાયન્સ ઓમ પ્રકાશ અશોકભાઈ સલાણીયા 88.66 અને ધોરણ 12 આર્ટસમાં હિરલબેન વેચાતભાઇ મકવાણા 91% જ્યારે કોમર્સમાં કિંજલબેન નરેશભાઈ ચાવડા 74.14 અને સાયન્સમાં આર્યનકુમાર મનોજભાઈ સોલંકી 78.86 ટકા સાથે પ્રથમ આવનાર તમામને સિલ્ડ અને પ્રમાણપત્ર આપી સન્માનિત કર્યા હતા.

**ભાજપની જન સેવાથી રાષ્ટ્ર સેવાના ૨૫ વર્ષની ઉજવણી**

# કાલોલમાં 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત પાવાગઢ થી વડનગર સેવા યાત્રાનું સ્વાગત

**કાર્યકરો** દ્વારા તિરંગા સર્કલ વિસ્તારમાં સ્વચ્છતા અભિયાન પણ હાથ ધરવામાં આવ્યું



(પ્રતિનિધી) કાલોલ, તા.13

જન સેવાથી રાષ્ટ્ર સેવાના ૨૫ વર્ષની ઉજવણી અન્વયે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સેવાકાર્યોને બિરદાવવા માટે "સેવા સંકલ્પ અભિયાન-૨૦૨૬" અંતર્ગત પાવાગઢ થી વડનગર સુધીની 'સેવા યાત્રા'નું આયોજન કરવામાં આવ્યું છે. રવિવાર, ૧૩ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ આ સેવા યાત્રા પંચમહાલ જિલ્લાના હાલોલ વિધાનસભા સ્થિત માંચી (પાવાગઢ) ખાતેથી પ્રસ્થાન થઈને કાલોલ નગર ખાતે પહોંચતા ભાજપ યુવા સંગઠન દ્વારા તિરંગા સર્કલ ખાતે તેનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. માંચી, પાવાગઢ ખાતેથી આ યાત્રાને ગુજરાત સરકારના નાણા મંત્રી કમલેશભાઈ પટેલ, રાજ્ય મહેસૂલ મંત્રી સંજયસિંહ મહિડા, ગુજરાત પ્રદેશ મહામંત્રી અજયભાઈ બ્રહ્મભટ્ટ, જિલ્લા અધ્યક્ષ મયંકભાઈ દેસાઈ તેમજ જિલ્લા પંચાયત પ્રમુખ નિરજ પટેલની ખાસ ઉપસ્થિતિમાં લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. યાત્રા કાલોલ ખાતે આવી પહોંચતાં જ તિરંગા સર્કલ પાસે ભાજપ યુવા મોરચા અને હોદ્દેદારો દ્વારા ઉત્સાહભેર સ્વાગત કરવામાં આવ્યું હતું.